રે.દિવાની દાવા નં. ૯૯/૨૦૧૧

**<u>આંક–૧ તળે હુકમ</u> :–**

વાદી ધ્વારા હાલનો દાવો હકક સ્થાપન તથા કાયમી તાકીદ મેળવવા માટે દાખલ કરવામા આવેલ છે. હાલના દાવાનું રેકર્ડ ધ્યાને લેતા વાદીએ હાલનો દાવો તા. ૩૧/૦૧/૨૦૧૧ ના રોજ દાખલ કરેલ છે. ત્યાર બાદ હાલના દાવાના કામે તા. ૨૨/૧૨/૧૭ ના રોજ આંક–૩૦થી મુદ્દા ઘડવામા આવેલ છે, અને કામ તારીખ ૧૪/૦૨/૨૦૧૮ ના રોજ વાદી તરફે પુરાવા રજુ કરવા મુલતવી રાખવામા આવેલ. ત્યાર બાદ રોજકામ ધ્યાને લેતા એક પણ મુદતે વાદી હાજર રહેલ નથી પરંતુ દર મુદતે વાદી વકીલશ્રી હાજર રહી પુરાવા રજુ કરવા મુદત અરજીઓ રજુ કરેલ છે, અને વાદીને માંગ્યા મુજબ મુદતો / સમય આપવામા આવેલ છે. આમ છતા વાદી તરફે અસલ પુરાવા રજુ કરવામા આવેલ નથી. આજ રોજ પણ વાદી કે તેમના વિ. વકીલ શ્રી હાજર નથી કે કોઈ રીપોર્ટ રજુઆત કરવામા આવેલ નથી. હાલનો દાવો ૮ વરસ જેટલો જુનો છે. દાવાના કામે વાદી જાતે હાજર રહેતા નથી કે વાદી ધ્વારા કોઈ અસલ પુરાવો રજુ કરવામા આવેલ નથી. તે સંજોગોમા વાદીને હાલનો દાવો આગળ ચલાવવામા કોઈ રસ નહી હોવાનું જણાઈ આવે છે. સબબ વાદીનો હાલનો દાવો પક્ષકારોના શીરે પોત પોતાનો ખર્ચ નાખી હાલનો દાવો વાદીની કસુરના કારણે કાઢી નાખવાનો હુકમ કરવામા આવે છે.

વડોદરા.
તા.૨૯/૧૧/૨૦૧૮.

સહી/–
(જીતેશ વિષ્ણુપ્રસાદ જોશી.)
૧૭મા એડી. સીનીયર સીવીલ જજ
વડોદરા.
(જજ કોડ જીજે–૦૦૯૨૭)